દક્ષિણ ગુજરાતમાં સીઝનનો 113% વરસાદ

ચોમાસું વિદાયની વાટ પર, સરેરાશ 88 ટકા વરસાદ

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસાની વિદાયના એંધાણ વચ્ચે પણ મેઘરાજાની મહેર યથાવત્ રહી છે. ચાલુ ચોમાસામાં રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 88 ટકા એટલે કે 799.81 મિમી વરસાદ નોંધાયો છે. તેમાં દક્ષિણ ગુજરાત 113.71 ટકા વરસાદ સાથે સમગ્ર રાજ્યમાં મોખરે રહ્યું છે. બીજી તરફ રવિવારે સાંજ સુધીમાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યાં હતા, જેમાં ભાવનગરના મહુવામાં સૌથી વધુ 4.13 ઈંચ, ગોંડલમાં 3.43 ઈંચ અને જૂનાગઢમાં 2.20 ઈંચ વરસાદ નોંધાયો હતો.

રવિવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના આશરે 73 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. મહુવા 4.13 ઈંચ, ગોંડલ 3.43 ઈંચ, જૂનાગઢ અને જૂનાગઢ શહેરમાં 2.20 ઈંચ, માણાવદરમાં 2.17 ઈંચ, પાટણ-વેરાવળમાં 2 ઈંચ, વંથલીમાં 1.77 ઈંચ, કુંકાવાવ-વડિયામાં 1.73 ઈંચ, કેશોદમાં 1.69 ઈંચ, સુરત શહેરમાં 1.54 ઈંચ, જાફરાબાદમાં 1.38 ઈંચ અને જસદણમાં 1.22 ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યના 16 તાલુકામાં 1થી 4 ઈંચ સુધીનો વરસાદ થયો હતો.

હવામાન વિભાગના તાજેતરના અનુમાન મુજબ હવે ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે વિદાય તરફ આગળ વધી રહ્યું છે. આગામી બેથી ત્રણ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાંથી નૈઋત્યનું ચોમાસું પરત ખેંચાવાની શક્યતા છે. જોકે, ચોમાસાની વિદાયના એંધાણ વચ્ચે પણ રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

આગામી બે દિવસમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘગર્જના સાથે વરસાદ અને 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. 22થી 24 સપ્ટેમ્બર દરમિયાન ભારે વરસાદની કોઈ ખાસ ચેતવણી નથી, જ્યારે 24થી 27 સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા હળવા વરસાદની શક્યતા છે.

સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં આ સમયગાળા દરમિયાન હવામાન સૂકું રહેવાની આગાહી છે. દરમિયાન, આ ચોમાસામાં ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 85,456 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને 9,822 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આપત્તિની સ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં NDRFની 9 ટીમ અને SDRFની 29 પ્લાટૂન તૈનાત રાખવામાં આવી છે.

રાજ્યના ડેમોની સ્થિતિ

» સરદાર સરોવર ડેમ 97.03 ટકા ભરાઈ ગયો છે
» 206 જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતા સામે 71.04 ટકા પાણીનો સંગ્રહ થયો છે.
» રાજ્યના 31 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે
» 46 ડેમ હાઈ એલર્ટ, 11 એલર્ટ અને 11 ડેમ વોર્નિંગ પર મુકાયા છે

રાજ્યનો વરસાદ

ઝોન	વરસાદ
દક્ષિણ ગુજરાત	113.71 ટકા
પૂર્વ-મધ્ય ગુજરાત	89.10 ટકા
ઉત્તર ગુજરાત	70.81 ટકા
સૌરાષ્ટ્ર	68.07 ટકા
કચ્છ	285.70 મિમી

કર્મચારીઓની હડતાળથી સરકારી કામકાજ ખોરવાયું

સિટી સરવે બાદ હવે ગ્રામસેવકોનો ઓનલાઇન કામગીરીનો બહિષ્કાર

પ્રોપર્ટી કાર્ડ, જમીન માપણી, PM-KISAN સહિતની કામગીરી પર અસર

૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

ગ્રામસેવકોએ તબક્કાવાર આંદોલનની જાહેરાત કરી છે. ઓનલાઇન કામગીરીના બહિષ્કાર બાદ પેન ડાઉન અને માસ સીએલ કરવામાં આવશે. ત્યારબાદ પણ સરકાર દ્વારા પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

સુરત : ગુજરાતમાં સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈને ચાલી રહેલા આંદોલનની અસર હવે સામાન્ય લોકો પર પડી રહી છે. સિટી સરવે કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળના કારણે શહેરોમાં મિલકતને લગતાં અનેક કામ અટકી ગયાં છે. હવે ગ્રામસેવકોએ પણ ઓનલાઇન કામગીરીનો બહિષ્કાર શરૂ કરતાં ગામડાંમાં ખેડૂતોને લગતાં કામ પર અસર થવાની શક્યતા છે.

સિટી સરવે કર્મચારીઓ ૧૧ સપ્ટેમ્બરથી હડતાળ પર છે. જેના કારણે પ્રોપર્ટી કાર્ડ, વારસાઈ નોંધ, જમીનની હદ માપણી અને ટાઇટલ ક્લિયરન્સ જેવા કામમાં વિલંબ થઈ રહ્યો છે. જમીન દફ્તર અને DILR કચેરીઓના વિભાજન બાદ ઊભી થયેલી સમસ્યાઓ, પગારના પ્રશ્નો અને ગ્રેડ-પેમાં સુધારાની માંગને લઈને કર્મચારીઓએ હડતાળ કરી છે.

સિટી સરવે બાદ હવે ગ્રામસેવકોએ પણ આંદોલન શરૂ કર્યું છે. ૨૧ સપ્ટેમ્બરથી રાજ્યભરના ગ્રામસેવકો સરકારી પોર્ટલ પરની ઓનલાઇન કામગીરીનો બહિષ્કાર કરી રહ્યા છે. ગ્રામસેવકોના જણાવ્યા મુજબ એક ગ્રામસેવક પાસે ૮થી ૧૦ ગામની જવાબદારી છે. આ ઉપરાંત અન્ય વિભાગોની કામગીરી પણ સોંપવામાં આવે છે. ૪૨૦૦ ગ્રેડ-પે, કામનો વધતો બોજ અને ડિજિટલ સાધનોના અભાવ સહિતની માંગણીઓને લઈને ગ્રામસેવકો વિરોધ કરી રહ્યા છે.

રસ્તા-પુલના ટેન્ડર ૫૧થી ૬૬ દિવસમાં મંજૂર કરવા પડશે

ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં વિલંબ થાય તો અધિકારીની જવાબદારી

ગાંધીનગર : રાજ્યમાં રસ્તા, પુલ અને સરકારી મકાનો સહિતના બાંધકામ કામોને ઝડપી ગતિ આપવા ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં હવે સમયમર્યાદા બાંધવામાં આવી છે. ટેન્ડર મંજૂરીની સમગ્ર પ્રક્રિયા મહત્તમ ૫૧થી ૬૬ દિવસમાં પૂર્ણ કરવી ફરજિયાત કરવામાં આવી છે. અત્યાર સુધી સામાન્ય રીતે ૧૨૦ દિવસનો સમયગાળો ધ્યાને લેવાતો હતો. જે ટેન્ડરમાં ઈજારદારોની પૂર્વપાત્રતાની જોગવાઈ નથી અને માત્ર નાણાકીય બીડ હોય છે, તેમાં ક્ષેત્રીય કચેરીથી સચિવાલય અને નાણા વિભાગ સુધીની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ ૫૧ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. જ્યારે ટેકનિકલ અને નાણાકીય એમ બે બીડ ધરાવતા તથા પૂર્વપાત્રતાની જોગવાઈવાળા ટેન્ડરોમાં તમામ સ્તરની ચકાસણી સહિતની પ્રક્રિયા મહત્તમ ૬૬ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. નિયમ મુજબ બહોળી પ્રસિદ્ધિ બાદ એકથી વધુ ટેન્ડર મળ્યા હોય તેવા કિસ્સામાં અનિવાર્ય સંજોગો સિવાય વાટાઘાટો નહીં કરવાની રહેશે. વાટાઘાટો અનિવાર્ય બને તો તે પણ માત્ર એક જ સ્તરે સક્ષમ સત્તાધિકારીની કક્ષાએ પૂર્ણ કરવાની રહેશે.

નિર્ધારિત સમયમર્યાદામાં દરખાસ્તનો નિકાલ નહીં થાય તો વિલંબના કારણોની નોંધ કરી સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવશે. જ્યારે અધૂરી દરખાસ્તને કારણે વિલંબ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી દરખાસ્ત રજૂ કરનાર કક્ષાની રહેશે. આ નિર્ણયથી માર્ગ-પુલ સહિતના પાયાના માળખાકીય પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયા ઝડપી બનવાની સાથે વહીવટી વિલંબ પર અંકુશ આવશે અને કામો સમયસર શરૂ થતાં પ્રજાજનોને જાહેર સુવિધાઓનો લાભ વહેલો મળી શકશે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ મળતાં ફાર્મસીની 500થી વધુ બેઠકો ખાલી

સુરતઃ મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ મળ્યા બાદ વિદ્યાર્થીઓએ ફાર્મસીમાંથી પ્રવેશ રદ કરાવતા સરકારી અને ગ્રાન્ટેડ ફાર્મસી કોલેજોમાં મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી છે. ત્રણ રાઉન્ડ બાદ અત્યાર સુધીમાં 317 વિદ્યાર્થીઓએ ફાર્મસીનું એડમિશન રદ કરાવ્યું છે. પરિણામે ડિગ્રી ફાર્મસીની 615માંથી 195 બેઠકો, જ્યારે ડિપ્લોમા ફાર્મસીની 313 બેઠકો ખાલી રહી છે. NEETના આધારે મેડિકલ અને ડેન્ટલ કોર્સમાં પ્રવેશ મળતાં વિદ્યાર્થીઓએ ફાર્મસી છોડતાં ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતની સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોમાં બેઠકો ખાલી પડી છે. ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા એડમિશન કમિટીએ 22 સપ્ટેમ્બર સુધી ખાસ ઓનલાઈન રાઉન્ડ જાહેર કર્યો છે. આ રાઉન્ડમાં પાત્ર વિદ્યાર્થીઓએ કન્સેન્ટ આપી ચોઇસ ફિલિંગ કરવાની રહેશે.

વરાછામાં હીરાના ખાતામાંથી રૂપિયા ૬.૯૩ લાખના CVD હીરાની ચોરી

ખોડીયાર કોમ્પ્લેક્સમાં આવેલા ખાતામાંથી લોખંડની તિજોરી તોડી ૭૭ કેરેટ રફ અને તૈયાર હીરાની ચોરી

સુરત : શહેરના હીરા ઉદ્યોગના ગઢ ગણાતા વરાછા વિસ્તારમાં તસ્કરોએ એક હીરાના ખાતાને નિશાન બનાવી લાખો રૂપિયાના હીરાની ચોરી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઉમિયાધામ મંદિર પાસે આવેલા કોમ્પ્લેક્સમાં ચાલતા હીરાના ખાતાના મુખ્ય દરવાજા તેમજ અંદરના દરવાજાના નકુચા તોડીને અંદર ઘૂસેલા અજાણ્યા ચોરો લોખંડની તિજોરીમાંથી રૂપિયા ૬.૯૩ લાખની કિંમતના ૭૭ કેરેટ રફ અને તૈયાર સીવીડી હીરા ચોરીને ફરાર થઈ ગયા છે.

આ મામલે અશ્વિનીકુમાર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોટા વરાછા સ્થિત રિવેરા રેસીડેન્સીમાં રહેતા અને મૂળ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખાન કોટડા ગામના વતની ૩૯ વર્ષીય આશીષભાઈ જગદિશભાઈ સંઘાણી વરાછા ઉમિયાધામ મંદિર પાસે આવેલી સર્વોદય સોસાયટી ખોડીયાર કોમ્પ્લેક્સના મકાન નંબર ૨૩ ના ગ્રાઉન્ડ ફ્લોરમાં હીરા બનાવવાનું ખાતુ ધરાવે છે. તેઓ પોતાના ભાગીદાર હિરેનભાઈ જેરામભાઈ દુધાગરા સાથે મળી હીરા બજારમાંથી અલગ અલગ વેપારીઓ પાસેથી મજુરી પેટે રફ હીરા લાવી ચોપેલ હીરા બનાવવાનું કામકાજ કરે છે. ગત તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ આશીષભાઈ અને તેમના કારીગરો નિત્યક્રમ મુજબ સાંજ સુધી કામકાજ કર્યા બાદ રાત્રે આશરે સાતેક વાગ્યાના સુમારે ખાતાના મુખ્ય દરવાજે તાળું મારીને ઘરે ગયા હતા. દરમિયાન તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજ સવારે પોણા આઠ વાગ્યાના અરસામાં આશીષભાઈ ખાતા પર આવ્યા ત્યારે મુખ્ય દરવાજાનો તેમજ અંદરના દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં જણાયો હતો. અંદર તપાસ કરતા ટેબલનું ખાનું ખુલ્લું હતું અને બાજુમાં મુકેલી લોખંડની નાની તિજોરીનું લોક તોડી અંદર રાખેલા આશરે ૭૭ કેરેટ રફ તથા તૈયાર સીવીડી હીરા ગાયબ હતા. પ્રતિ કેરેટ રૂપિયા ૯,૦૦૦ ની કિંમત ગણતા કુલ રૂપિયા ૬,૯૩,૦૦૦ ની મત્તાના સીવીડી હીરા ચોરી ગયાનું સામે આવ્યું હતું. આશીષભાઈએ વરાછા પોલીસ મથકે પહોંચી અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અશ્વિનીકુમાર પોલીસે ચોરીનો ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસી તસ્કરોનું પગેરુ મેળવવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

લસકાણાની એલિવેટર કંપનીનો સેલ્સમેન મહાઠગ, ગુનો દાખલ

૬ જેટલા ગ્રાહકો પાસેથી લિફ્ટના ૧૭.૯૪ લાખ ઉઘરાવી કંપનીમાં જમા નહીં કરાવ્યા

આ લોકો સાથે થઇ ઠગાઇ

નામ	રકમ
રોનકભાઈ મેવાડા	૪,૫૫,૦૦૦
કેતનભાઈ કાનાણી	૪,૦૦,૦૦૦
પંકજભાઈ	૧,૦૦,૦૦૦
જિગ્નેશભાઈ	૨,૦૦,૦૦૦
મિલનભાઈ	૧,૮૯,૦૦૦
ચિરાગભાઈ	૪,૫૦,૦૦૦
કુલ	૧૭,૯૪,૦૦૦

સુરતઃ યોગીચોક પાસે આવેલી શિવ દર્શન સોસાયટીમાં રહેતા અને મૂળ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સાજણટીંબા ગામના વતની રોહિતભાઈ હિંમતભાઈ ઘોરાજીયા લસકાણા વાલક પાટીયા જમુનાબા ભવન પાસે હરિદર્શનમાં ત્રીજા માળે 'ફોરમોનિક એલિવેટર પ્રાઈવેટ લિમિટેડ' નામે ભાગીદારીમાં કંપની ચલાવે છે. તેમની કંપનીમાં સરથાણા ખાતે મા અમર સોસાયટીમાં રહેતો હિરેનભાઈ ભરતભાઈ સુદાણી સેલ્સમેન તરીકે નોકરી કરતો હતો.ગત તા. ૨૯/૦૫/૨૦૨૬ થી ૧૯/૦૯/૨૦૨૬ દરમિયાન સેલ્સમેન હિરેન સુદાણીએ કંપનીના વિવિધ ગ્રાહકો પાસેથી લિફ્ટ અને એલિવેટરના કામકાજ અર્થે લાખો રૂપિયાની વસુલાત કરી હતી. આ રકમ ગ્રાહકો પાસેથી વસૂલ કર્યા બાદ હિરેન સુદાણીએ ફોરમોનિક એલિવેટર કંપનીના ખાતામાં કે માલિક સમક્ષ જમા કરાવી ન હતી અને કંપની સાથે છેતરપિંડી આચરી હતી. હિસાબોમાં વિસંગતતા જણાતા આખી ગેરરીતિ બહાર આવી હતી. આ મામલે કંપનીના ભાગીદાર રોહિતભાઈ ઘોરાજીયાએ લસકાણા પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી સેલ્સમેન હિરેન સુદાણીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સુરતમાં ટ્રાફિક સિગ્નલની બેટરી ચોરતી ગેંગના બેની ધરપકડ

ટેકનિકલ સ્ટાફની ઓળખ આપનાર ચોર ૧૦૦૦માં બેટરી ભંગારમાં વેચી દેતો હતો

બપોરના સમયે સિગ્નલની પેટીઓ ખોલી બેટરી ચોરતો

સુરતઃ ટ્રાફિક સિગ્નલની બેટરી ચોરતા બે લોકોને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે બંને પાસેથી ચોરીની છ બેટરી, એક્ટિવા મોપેડ, માસ્ટર ચાવી અને બે મોબાઇલ ફોન સહિત કુલ રૂ.૧.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ક્રાઇમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે પોલીસે ગોડાદરા વિસ્તારમાં આવેલી બેટરીની દુકાનમાંથી રાજેશકુમાર રામઆસરે તિવારી (ઉ.વ.૩૮, રહે. યમુના રો-હાઉસ, ગોડાદરા, મૂળ વતન સુલતાનપુર, ઉત્તરપ્રદેશ) અને લાલમણી હરિશંકર પાન્ડે (ઉ.વ.૩૨, રહે. કૃષ્ણકુંજ સોસાયટી, ગોડાદરા, મૂળ વતન પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પૈકી રાજેશકુમાર કાપડ ફેક્ટરીમાં નોકરી કરતો હતો, જ્યારે લાલમણી બેટરીનો વેપાર કરતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રાજેશકુમાર બપોરના સમયે લાલમણીની એક્ટિવા મોપેડ લઈને સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ફરતો હતો. તે પોતે ટ્રાફિક સિગ્નલના મેન્ટેનન્સ માટે આવેલો ટેકનિકલ કર્મચારી હોવાનો ડોળ રચતો અને સિગ્નલની પેટીઓ ખોલીને અંદરથી ઇન્વર્ટર બેટરીઓ ચોરી લેતો હતો.

છેલ્લા અઢી મહિનામાં તેણે શહેરના ૧૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા આશરે ૫૫ ટ્રાફિક સિગ્નલ પોઈન્ટ પરથી કુલ ૧૫૫ ઇન્વર્ટર બેટરીઓની ચોરી કરી હોવાનો ખુલાસો થયો છે.રાજેશકુમાર ચોરી કરેલી બેટરીઓ ગોડાદરા વિસ્તારમાં લક્ષ્ય બેટરી ઇન્વર્ટરની ભાડાની દુકાન ચલાવતા લાલમણી પાન્ડેને માત્ર રૂ.૧૦૦૦ની નજીવી કિંમતે વેચી દેતો હતો. લાલમણી આ બેટરીઓ આગળ ભંગારમાં વેચી મારતો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે.

નક્સલી વિસ્તારમાં પોસ્ટમેન બની પોલીસે લૂંટના આરોપીને પકડી પાડ્યો

ઉધનાના જૂના પેટ્રોલ પંપ પર લૂંટ દરમિયાન મેનેજરની હત્યાના કેસમાં મોસ્ટ વોન્ટેડ હતો આરોપી

સુરત : ઉધના વિસ્તારમાં વર્ષ ૨૦૦૧માં થયેલી લૂંટ વિથ મર્ડરના ગુનામાં છેલ્લા ૨૫ વર્ષથી ફરાર અને રૂપિયા ૨૦ હજારના ઇનામી આરોપી મિથીલેશ મેનેજરસીંગ ભુમીહાર (ઉં.વ.૪૭)ને PCBની ટીમે ઝારખંડના અતિ સંવેદનશીલ નક્સલવાદી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૦૧માં ઉધના ગામ ખાતે આવેલા જૂના પેટ્રોલ પંપ પર હથિયારો સાથે લૂંટ ચલાવવામાં આવી હતી. લૂંટ દરમિયાન આરોપીઓએ કરેલા અંધાધૂંધ ફાયરિંગમાં પેટ્રોલ પંપના મેનેજરને ગોળી વાગતાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે ઉધના પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. આ ઉપરાંત લિંબાયત પોલીસ મથકે પણ લૂંટનો ગુનો નોંધાયો હતો. ત્યારથી મિથીલેશ ભુમીહાર પોલીસથી બચતો ફરતો હતો.

PCB PI આર.એસ. સુવેરાના માર્ગદર્શન હેઠળ એસ.આર. પટેલ, ASI હસમુખભાઈ મોહનભાઈ અને હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ લૂણીની ટીમે ટેક્નિકલ સર્વેલન્સ તથા માનવ સ્ત્રોતોની મદદથી આરોપીનું ચોક્કસ લોકેશન મેળવ્યું હતું. આરોપી ઝારખંડના પલામુ જિલ્લાના પાંકી બ્લોકના સીરમ (ટોલા) ગામમાં છુપાયો હોવાની માહિતી મળતાં ટીમ ઝારખંડ પહોંચી હતી.

સીરમ ગામ નક્સલવાદી પ્રવૃત્તિઓથી પ્રભાવિત અતિ સંવેદનશીલ વિસ્તારમાં આવેલું હોવાથી પોલીસ તરીકે ઓળખ આપીને ગામમાં પ્રવેશ કરવો જોખમી હતો. પરિણામે PCBની ટીમે અનોખી વ્યૂહરચના અપનાવી હતી. પોલીસ જવાનોએ પોસ્ટમેનનો વેશ ધારણ કરી હાથમાં ટપાલની થેલી અને આરોપીના સરનામાનું ડમી કવર રાખ્યું હતું. ત્યારબાદ ગામમાં ટપાલી તરીકે ફરીને સ્થાનિકોને આરોપીના સરનામા અંગે પૂછપરછ કરી ટીમ તેના ઘર સુધી પહોંચી હતી. જ્યાં આરોપી પાર્સલ લેવા આવતા જ પોલીસે મિથીલેશ ભુમીહારને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ નક્સલી વિસ્તારની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખી તેને સલામત રીતે સુરત લાવવામાં આવ્યો હતો.

સોશિયલ મીડિયામાં એમ્બ્રોઇડરી ઉદ્યોગ માટે ખોટા મેસેજ ફરે છે

સોશિયલ મીડિયામાં કેટલાક બની બેઠેલા કામદાર નેતા પગાર સમયસર નહીં મળતો હોવાનો દાવો કરે છે

સુરત : સુરતના એમ્બ્રોઈડરી ઉદ્યોગમાં કામના કલાકો અને કામદારોના પગારને લઈને સોશિયલ મીડિયામાં ફરી રહેલા એક મેસેજને પગલે ઉદ્યોગમાં ચર્ચા શરૂ થઈ છે. મેસેજમાં જણાવાયું છે કે સુરતમાં છેલ્લા 25થી 30 વર્ષથી એમ્બ્રોઈડરી સેક્ટર 24 કલાક, 30 દિવસ અને 12 કલાકની શિફ્ટની પદ્ધતિથી કાર્યરત છે અને તે પ્રમાણે જ કામદારોના પગારધોરણ નક્કી થયેલા છે.

મેસેજમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે 12 કલાકની શિફ્ટ દરમિયાન મશીનનું વાસ્તવિક રનિંગ સામાન્ય રીતે 7થી 9 કલાક જેટલું જ રહે છે. સુરતના એમ્બ્રોઈડરી યુનિટોમાં કામદારોને કોઈ પણ પ્રકારની જબરદસ્તીથી કામ કરાવવામાં આવતું નથી અને કામદારો પોતાની ઈચ્છાથી 12 કલાકની શિફ્ટમાં કામ કરી મહિને સારો પગાર મેળવે છે, એવો પણ દાવો કરાયો છે. સોશિયલ મીડિયામાં પોતાને નેતા ગણાવતા કેટલાક લોકો સુરતના વ્યવસાયિક માહોલ અને ઉદ્યોગની કામગીરીને તોડી-મરોડીને રજૂ કરી રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો આક્ષેપ પણ મેસેજમાં કરવામાં આવ્યો છે. આવા લોકોના પ્રભાવથી કામદારોને દૂર રહેવાની અપીલ કરાઈ છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

ભાઈની નજર...

કરે છે. કાલે રાત્રે હેન્સી નોકરી પૂર્ણ કરીને ભાઈ દીશાર્ક સાથે બાઈક પર ઘરે જવા નીકળી હતી. દીશાર્ક બાઈક ચલાવતો હતો અને હેન્સી પાછળ બેઠી હતી. બંને કાપોદ્રા ધારુકાવાલા કોલેજ સામેના બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પાછળથી આવેલી એસટી બસે તેમની બાઈકને ટક્કર મારી હતી. ટક્કર લાગતાં હેન્સી બાઈક પરથી નીચે પટકાઈ હતી અને બસનું પાછળનું ટાયર તેના શરીર પરથી ફરી વળ્યું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હેન્સીને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી, પરંતુ ફરજ પરના તબીબે તપાસી તેને મૃત જાહેર કરી હતી. અકસ્માતમાં દીશાર્કને સામાન્ય ઈજા થઈ હતી. હેન્સીના માતા-પિતા વતનમાં ખેતીકામ કરે છે. પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી દીકરીનું આ રીતે અચાનક મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. સૌથી કરુણ બાબત એ હતી કે ભાઈની નજર સામે જ બહેનનું મોત થતાં દીશાર્ક પર પણ આઘાત છવાઈ ગયો હતો.

સુરતમાં ઈરાન...

મંદસોર, બટનાવર, પીપળીયાથી અને ગુજરાતમાં ગોંડલ, રાજકોટ,બગસરા, ભાવનગર,જામનગરથી આવે છે. પણ ક્લાયમેટ ચેન્જની અસરને લીધે ચાલુ સિઝનનું ઉત્પાદન ઓછું રહેતા શોર્ટ સપ્લાય ઊભી થઈ છે. એને લીધે નજીકના દિવસોમાં ભાવો ઘટવાની શક્યતા ઓછી છે.

DGVCLVનો ગ્રાહકોને...

અન્ય રિબેટ અથવા પેનલ્ટી પર 3.99 ટકાનો વેરિએબલ FPPAS વસૂલવામાં આવશે નહીં. વીજ કંપની દ્વારા અગાઉ 13 મે 2026ના પત્રથી એપ્રિલ 2026થી તમામ સંબંધિત કેટેગરીના ગ્રાહકો પાસેથી યુનિટદીઠ રૂ.2.30 FPPAS વસૂલવાની જાણ કરવામાં આવી હતી. હવે નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની ગણતરી બાદ જુલાઈ 2026થી બેઝ FPPASમાં વધારો કરવામાં આવ્યો છે. આથી અગાઉના રૂ.2.30ની સામે હવે ગ્રાહકોએ રૂ.2.45 પ્રતિ યુનિટ ચૂકવવાના રહેશે.

15 મિનીટના...

જતાં વાહનચાલકોને પાણીમાંથી વાહનો પસાર કરવાની ફરજ પડી હતી. પાણી ભરાવાના કારણે મુખ્ય માર્ગો પર ટ્રાફિકની ગતિ ધીમી પડી હતી અને કેટલાક સ્થળોએ લાંબા ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. દર ચોમાસે આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોવા છતાં તેનો કાયમી ઉકેલ ન આવતાં સ્થાનિકોમાં મનપા સામે નારાજગી જોવા મળી હતી. વરાછામાં પણ માત્ર 10થી 15 મિનિટના ભારે વરસાદથી જ સ્થિતિ કફોડી બની હતી. વરાછા મેન રોડ અને કૃષ્ણનગર સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનો બંધ પડી જવાની ઘટનાઓ સામે આવી હતી. સામાન્ય વરસાદી ઝાપટામાં જ રસ્તાઓ પર પાણી ભરાતા હોવાના કારણે સ્થાનિકોએ ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સામે સવાલો ઉઠાવ્યા હતા.

TAT-Sમાં...

કરવામાં આવી હતી. ગુજરાતી પેપર સરળથી મધ્યમ સ્તરનું અને મોટાભાગે અભ્યાસક્રમ આધારિત રહ્યું હતું, પરંતુ કેટલાક પ્રશ્નોમાં ઉમેદવારની શિક્ષક તરીકેની વ્યવહારુ સમજ ચકાસવાનો પ્રયાસ જોવા મળ્યો હતો. ખાસ કરીને ધોરણ-9માં પ્રવેશેલા બાળકના સર્વાંગી વિકાસ માટે વાલીઓ શિક્ષકો પાસેથી શું અપેક્ષા રાખે છે, તે અંગે પત્ર લખવાનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ પ્રશ્ન માત્ર લેખનક્ષમતાની કસોટી પૂરતો સીમિત રહ્યો ન હતો. શિક્ષકની ભૂમિકા માત્ર વર્ગખંડમાં પાઠ ભણાવવા સુધી સીમિત નથી, પરંતુ વિદ્યાર્થીના શૈક્ષણિક, સામાજિક અને વ્યક્તિગત વિકાસમાં શિક્ષક અને વાલી વચ્ચેના સંકલનને ઉમેદવાર કેટલું સમજે છે, તેની પણ કસોટી આ પ્રશ્નમાં છુપાયેલી હતી. વર્તમાન સમયના સામાજિક પડકારોને પણ પ્રશ્નપત્રમાં સ્થાન આપવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી સમાજ પર થતી નકારાત્મક અસર અંગે ચર્ચાપત્ર લખવાનું હતું. સોશિયલ મીડિયાના વધતા પ્રભાવ વચ્ચે માહિતીની ખરાઈ, જવાબદાર અભિવ્યક્તિ અને અફવા તથા હકીકત વચ્ચેનો તફાવત સમજવાની જરૂરિયાતને આ પ્રશ્ન સાથે જોડવામાં આવી હતી. આ પ્રકારના પ્રશ્નો દ્વારા ઉમેદવાર માત્ર ભાષા અને લેખનકૌશલ્ય ધરાવે છે કે નહીં, તે ઉપરાંત કોઈ સામાજિક મુદ્દાને તટસ્થ રીતે સમજીને તેના કારણો અને અસરો રજૂ કરી શકે છે કે નહીં તેની પણ કસોટી થઈ હતી.

નિબંધમાં AIથી NEP-2020 સુધીના વિષયો

નિબંધના પ્રશ્નોમાં પણ વર્તમાન શિક્ષણ અને સમાજ સાથે સંકળાયેલા વિષયો પસંદ કરવામાં આવ્યા હતા. ઉમેદવારોએ આપેલા ત્રણ વિષયમાંથી બે વિષય પસંદ કરી નિબંધ લખવાનો હતો. તેમાં 'કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં માનવવિદ્યાનનું ભવિષ્ય', 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ની દૃષ્ટિએ કેળવણી'અને 'વૈજ્ઞાનિક વલણની સંકલ્પના તથા વિકાસ'જેવા વિષયોનો સમાવેશ થયો હતો.

સરોલીના યુવાનના...

કે, આ ગુનામાં હજુ પણ વધુ લોકો સામેલ હોવાની શક્યતાના કારણે પોલીસે રવિવાર,તા.૨૦ ની સાંજે તમામ આરોપીઓને નામદાર કોર્ટ સમક્ષ રજુ કરી આરોપીઓના સાત દિવસના પોલીસ રિમાન્ડ માંગતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

સરોલીના અમિષ પટેલના શંકાસ્પદ મોતની બહુચર્ચિત ઘટનામાં ઓલપાડ પીઆઇ સી.આર.જાદવ અને સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસની તપાસ બાદ સુરત ગ્રામ્ય ડીવાયએસપી આર.આર.સરવૈયાએ પોલીસની તપાસ બાદ જણાવ્યું હતુ કે, મૃતક અમિષ પટેલ ગત તા.૧૨ મી સપ્ટેબરે રાત્રે-૧૧:૩૦ કલાકના સુમારે પિંજરતથી કાર હંકારી દિહેણ ગામના રોડ પરથી પસાર થઇ રહ્યા હતા, ત્યારે રોડ પરથી પસાર થઇ રહેલ શ્રીગણેશ પ્રતિમાના આગમન સમયે નીકળેલી શોભાયાત્રાને કારણે ટ્રાફિક જામ થતા તેમની કાર રોડ ઉપર ફસાઇ હતી. જેથી તે ટ્રાફિકમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યો હતો,ત્યારે એક મોપેડને ટક્કર લાગતા અકસ્માત સર્જાતા અમિષે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે ઘટના સ્થળે ભેગા થયેલા લોકોના ટોળાએ કારમાં બેઠેલ અમિષ પટેલની કારના કાચને તોડફોડ કરી તેના ઉપર હુમલો કર્યો હતો. જેથી વધુ મારના ભયથી અમિષ પટેલ પુરઝડપે કાર હંકારી ત્યાંથી ભાગી જતા યુવકોએ કાર અને બાઈક ઉપર પીછો કર્યો હતો. જેથી ડરને કારણે અમિષ પટેલે કાર ઝડપથી હંકારી હતી. તે સમયે અરિયાણા ગામના બસ સ્ટોપ અને નજીકની દિવાલ સાથે ભટકાતા તેનું અકસ્માત ઘટનામાં મોત નીપજ્યું હતું.

પોલીસ તપાસમાં...

પટેલ ઉપર હુમલો થતા તે ઘટના સ્થળેથી પોતાની કાર હંકારી ભાગતા અરિયાણા ગામના દિવ્યેશ ચંપકભાઇ પટેલે પોતાની ફીગો કારમાં તથા દિહેણના પરેશ ગણપત પટેલ અને જશંવત ઠાકોર પટેલે પણ તેની બાઇક ઉપર તેની કારનો પીછો કર્યો હતો. જ્યારે દિહેણના શિરીષ રમેશ પટેલ તથા પરેશ શાંતિલાલ પટેલ બંનેએ પરેશની ફોર વ્હીલ કારમાં બેસી મૃતકની કારનો પીછો કર્યો હતો. આમ આ ઘટનામાં સાતે આરોપીઓએ અમિષ પટેલને અકસ્માત મોત માટે મજબુર કરી ભયનો માહોલ ફેલાવતા પોલીસે તેઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજે કોળી...

અમો સોમવાર,તા.૨૧ ના રોજ સવારે સમાજના આગેવાનો સાથે સરોલીથી રેલી કાઢી સુરત જિલ્લા કલેકટર,આઇ.જી.અને ડી.એસ.પી.ને આવેદનપત્ર આપી પોલીસ દ્વારા ફરી નિષ્પક્ષ તપાસ કરાવી અમોને ન્યાય મળે તે માટે રજુઆત કરનાર છે.